C/87 Done-1

દિવ્ય ભાસ્કર

25/6/19 - મંગળવાર

### રાજ્યપાલ ઓ.પી કોહલીએ કહ્યું,

# બાબાસાહેબની જેમ વિદ્યાર્થીઓએ પણ વૈવિધ્યસભર જ્ઞાન મેળવવું જોઈએ

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.નો ચોથો પદવીદાન સમારંભ યોજાયો



સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ચોથો પદવીદાન સમારોહ ગઈકાલે યુનિવર્સિટીના છારોડી કેમ્પસ ખાતે યોજાઈ ગયો. જેમાં 1200 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. 1200 વિદ્યાર્થીઓમાંથી 37 વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, 38 વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. પદવીદાનમાં રાજ્યપાલ ઓ.પી કોહલી, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર નાગેશ્વર રાવ અને રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ હાજરી આપીને વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપી હતી.

રાજ્યપાલ ઓ.પી કોહલીએ કહ્યું કે, 'ડૉ. બાબાસાહેબ જ્ઞાનના ઉપાસક હતા. તેઓ જે વિષય પર ચિંતન કરવાનું શરૂ કરતા તે વિષયની સાથે જોડાયેલા અન્ય વિષયો અને સંદર્ભને પણ તે વિષયના અભ્યાસમાં સમાવેશ કરતા હતા. આજના સમયમાં દરેક વિદ્યાર્થીઓ પાસેથી આ પ્રકારનું વૈવિધ્ય સભર જ્ઞાન મેળવીને રાષ્ટ્ર નિર્માણમાં મદદરૂપ થવાની અપેક્ષા છે.

રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેએ કહ્યું કે, 'બાબાસાહેબ કોઈ પણ રાષ્ટ્રની નારીની ઉન્નતિને રાષ્ટ્રની ઉન્નતિની પારાશીશી માનતા હતા. મહિલા ઉત્કર્ષણના ડૉ. આંબેડકરના સ્વપ્નને સાકાર કરવા માટે ઘણું બધુ કરવાનું બાકી છે. વિદ્યાર્થીઓએ કોલેજમાંથી મળેલા જ્ઞાનનો ઉપયોગ પોતાની અને રાષ્ટ્રની ઉન્નતિ માટે કરવો જોઈએ.